અનુસંધાન... પાના પહેલાનું

જમ્મુ કાશ્મીરમાં...

આવ્યું હતું, એમ પોલીસ પ્રવક્તાએ કહ્યું હતું. જેમ સુરક્ષા દળો શંકાસ્પદ સ્થળની નજીક પહોંચ્યા, છુપાયેલા આતંકવાદીએ તેમના પર અંધાધૂંધ ગોળીબાર કર્યો, જેનો અસરકારક રીતે જવાબ આપવામાં આવ્યો હતો, એમ પ્રવક્તાએ જણાવ્યું હતું. અથડામણમાં, એક ત્રાસવાદી માર્યો ગયો હતો અને એન્કાઉન્ટરના સ્થળેથી તેનો મૃતદેહ મેળવવામાં આવ્યો હતો, એમ તેમણે જણાવ્યું હતું. પ્રવક્તાએ માર્યા ગયેલા ત્રાસવાદીની ઓળખ ચેક ચોલાનના રહેવાસી બિલાલ અહેમદ ભટ તરીકે કરી હતી, જે પ્રતિબંધિત આતંકવાદી સંગઠન એલઈટી સાથે જોડાયેલો હતો. ભટ સ્થાનિક સૈન્ય જવાન ઉમર ફયાઝની હત્યા સહિત અનેક ત્રાસવાદી ગુનામાં સામેલ હતો. ભટે હરમેનમાં પરપ્રાંતના મજૂરો પર ગ્રેનેડ પણ ફેંક્યો હતો, જેના પરિણામે બે મજૂરોના મોત થયા હતા. ભટ કાશ્મીરી પંડિત સુનિલ કુમાર ભટની હત્યા અને અન્ય કાશ્મીરી પંડિત પ્રીતિમ્બર નાથને ઇજા પહોંચાડવામાં પણ સામેલ હતો. ભટ સ્થાનિક યુવાનોને ત્રાસવાદી જૂથમાં જોડાવા માટે ઉશ્કેરતો હતો અને 12 સ્થાનિક યુવાનોને ત્રાસવાદીઓમાં સામેલ કર્યા હતા. અથડામણના સ્થળેથી એ કે સીરીઝની રાઈફલ સહિત ગુનાહિત સામગ્રી, શસ્ત્રો અને દારૂગોળો અને ત્રણ ગોળીઓ મળી આવી હતી.

ચાલુ નાણાકીય...

દ્વારા આજે બહાર પાડવામાં આવેલ આગોતરા અંદાજો મુજબ ઉત્પાદન ક્ષેત્રનો વિકાસ દર ૬.૫ ટકા અને ખાણ ક્ષેત્રનો વિકાસ દર ૪.૧ ટકા રહેવાનો અંદાજ છે. આ નાણાકીય વર્ષમાં રિયલ જીડીપી ૧૭૧.૭૯ કરોડનું લેવલ પ્રાપ્ત કરે તેવો અંદાજ છે. આ આંકડાઓ પર ટિપ્પણી કરતા નાણા મંત્રાલયે એક્સ પર મૂકેલી પોસ્ટમાં કહ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૪ના પ્રથમ આગોતરા અંદાજો સૂચવે છે કે વિકાસની ગતિમાં કોઇ ઘટાડો થયો નથી.

મુકેશ અંબાણીને...

બીજા સૌથી અમીર વ્યક્તિની વાત કરીએ તો મુકેશ અંબાણીનું નામ આવે છે. તેની હાલની નેટવર્થ 99 બિલિયન ડોલર છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ લિસ્ટ અનુસાર ગૌતમ અદાણી દુનિયાના સૌથી અમીર વ્યક્તિઓમાં 12માં સ્થાન પર છે, જ્યારે મુકેશ અંબાણી 13મા નંબર પર છે.

ઉલ્લેખનીય છે કે, ગુરુવારે ગૌતમ અદાણીના બિઝનેસમાં 7.6 અબજ ડોલરનો વધારો નોંધાયો છે. આ સાથે જ મુકેશ અંબાણીને ગઇકાલના કારોબારમાં 98.3 કરોડ ડોલરનો ઝટકો લાગ્યો છે, જે તેમની કુલ નેટવર્થના 0.98 ટકાનો ઘટાડો છે.

મહત્વનું છે કે, અદાણી હિન્ડેનબર્ગ વિવાદ મામલે સુપ્રીમ કોર્ટે બુધવારે પોતાનો ચુકાદો આપ્યો હતો. અદાણીની તરફેણમાં ચુકાદો આપતા સર્વોચ્ચ અદાલતે આ મામલાની તપાસ માટે કોઇ પણ એસઆઇટી કે નિષ્ણાંત જૂથની રચના કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. ચીફ જસ્ટિસ ડી.વાય. ચુકાદો સંભળાવતા જસ્ટિસ જે.એસ.ચંદ્રચૂડની અધ્યક્ષતાવાળી બેંચે કહ્યું કે સેબીએ કાયદા અનુસાર પોતાની તપાસને નિષ્કર્ષ પર લઈ જવી જોઈએ. કોર્ટના આ નિર્ણય બાદ અદાણી ગ્રુપના શેરમાં ખૂબ જ ઝડપથી ઉછાળો નોંધાયો છે.

બંગાળમાં દરોડા...

ભારતીય જનતા પાર્ટી(ભાજપે) ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના સંદેશખલીમાં બનેલા આ બનાવને સમવાયી માળખા પર સીધા હુમલા તરીકે ગણાવ્યો હતો, જ્યારે કોંગ્રેસે રાષ્ટ્રપતિ શાસન લાદવાની તાકીદની માગણી કરી હતી. શાસક ટીએમસીએ અલબત્ત, આરોપો નકારી કાઢ્યા હતા અને આ કેન્દ્રીય તપાસ એજન્સીના અધિકારીઓ પર સ્થાનિક લોકોને ઉશ્કેરવાનો આરોપ મૂક્યો હતો. આ બનાવ ત્યારે બન્યો હતો જ્યારે ઈડીના અધિકારીઓએ ટીએમસીના નેતા શેખ સહાજનના નિવાસ સ્થાને દરોડા પાડ્યા હતા, અને તે સમયે આ નેતાના ટેકેદારોએ હુમલાઓ કર્યા હતા. આ હુમલાને પરિણામે અધિકારીઓને ઇજાઓ થઇ હતી અને તેમના વાહનોને નોંધપાત્ર નુકસાન થયું હતું. તૃણમૂલ કોંગ્રેસના વફાદારોએ મોટી સંખ્યામાં ભેગા થઈને ઈડી અધિકારીઓ પર દરોડા દરમ્યાન હુમલો કર્યો હતો. ઈડીની ટીમ સાથે આવેલા સીઆરપીએફના કર્મચારીઓ પર પણ હુમલો કરવામાં આવ્યો હતો. ઈડીના જણાવ્યા પ્રમાણે અધિકારીઓની અંગત વસ્તુઓ જેવી કે મોબાઇલ ફોન અને પાકીટ વગેરે પણ ઝૂંટવી લેવાયા હતા. ઈડીએ જણાવ્યું હતું કે તેના ત્રણ અધિકારીઓને ગંભીર ઈજા થઇ હતી જેમને હોસ્પિટલમાં સારવાર અપાઇ રહી છે. દરોડાનું કવરેજ કરવા ગયેલા પત્રકારો અને તેમના વાહનો પણ હુમલાનો ભોગ બન્યા હતા. બાદમાં રાત્રે દિલ્હીથી જારી કરેલા નિવેદનમાં ઈડીએ જણાવ્યું હતું કે તેણે આ બાબતમાં સ્થાનિક પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. બાદમાં મળેલા અહેવાલ મુજબ ઈડીના અધિકારીઓ પર આ હુમલામાં કથિત સંડોવણી અંગે પોલીસે દસ જણાની અટકાયત કરી છે. જેમના ત્યાં દરોડો પાડવામાં આવ્યો હતો તે શેખ સહાજન એ બંગાળ સરકારના એક મંત્રી જ્યોતિપ્રિયો મલિકના ખાસ સાથીદાર મનાય છે, જેમની ગયા વર્ષે કરોડો રૂપિયાના રેશન વિતરણ કૌભાંડમાં ધરપકડ થઇ હતી.

રાજ્ય ભાજપના પ્રમુખ સુકાંતા મજુમદારે આ બાબતે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહને પત્ર લખ્યો હતો અને આ પ્રકરણમાં એનઆઇએ તપાસની માગણી કરી હતી અને રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની માગણી કરી હતી. રાજ્ય કોંગ્રેસના પ્રમુખ અધિર રંજન ચૌધરીએ આવી જ લાગણીનો પડઘો પાડ્યો હતો અને પશ્ચિમ બંગાળમાં તત્કાળ રાષ્ટ્રપતિ શાસન લાદવાની માગણી કરી હતી. રાજભવન તરફથી ગવર્નરના જારી કરાયેલા વોઇસ મેસેજમાં આ હુમલાને વખોડી નાખતા કહેવાયું હતું કે હું તમામ વિકલ્પો ખોળું છું. તેમણે એમ પણ કહ્યું હતું કે પશ્ચિમ બંગાળ બનાના રિપબ્લિક નથી.

ઇડીના અધિકારીઓ રિક્શાઓ અને ટુ-વ્હીલરો પર ભાગ્યા

તોફાને ચડેલા ટોળાએ ઇડીના વાહનોને પણ નિશાન બનાવીને તેમની તોડફોડ કરી હતી. આના પગલે અધિકારીઓએ તેમના નુકસાન પામેલા વાહનો છોડીને ઓટો રિક્શાઓ અને ટુ-વ્હીલરોનું શરણ લેવું પડ્યું હતું અને ત્યાંથી રવાના થઇ ગયા હતા.

નેવીનું શૌર્ય:...

વેપારી જહાજની કિલ્લેબંધીમાંથી સલામત બહાર કાઢવામાં આવ્યા હતા એમ ભારતીય નૌકાદળના પ્રવકતા કમાન્ડર વિવેક માઢવાલે જણાવ્યું હતું. સંભવિતપણે જહાજ પર કોઇ ચાંચિયા સહિત કોઇ રહી તો ગયું નથી ને? તે માટેની સેનિટાઇઝેશનની કામગીરી કમાન્ડોઝ શુક્રવારે મોડી રાત સુધી કરી રહ્યા હતા. સેનિટાઇઝેશનની કામગીરી રાત્રે પુરી થઇ હતી અને જહાજ પર કોઇ ચાંચિયો હવે બાકી નથી તેની ખાતરી થઇ ગઇ હતી.

ભારતીય નૌકાદળે...

ભારતીય કર્મચારીઓ ન હતા. આના પછી આજે એમવી લીલા નોર્ફોલ્કને નૌકાદળના આઇએનએસ ચેન્નાઇએ એકલે હાથે મુક્ત કરાવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે હમાસ ઇઝરાયેલ યુદ્ધ વચ્ચે ખાસ કરીને રાતા સમુદ્રના વિસ્તારમાં જહાજો પર હુમલાઓનું પ્રમાણ વધી ગયું છે.

ભારતીયો સાથેના...

હજી સ્પષ્ટ થયું નથી. તે જ દિવસે કે તેના બીજા દિવસે રાતા સમુદ્રમાં એમવી સાઇબાબા નામના જહાજ પર હુથી બળવાખોરોએ ડ્રોન હુમલો કર્યો હતો તે જહાજમાં ૨૫ ભારતીય કર્મચારીઓ હતા. આ બંને બનાવમાં જો કે કોઇને ઇજા થઇ ન હતી. આના પછી આજે એમવી લીલા નોર્ફોલ્કનું ચાંચિયાઓએ અપહરણ કર્યું હતું જેમાં ૧૫ ભારતીય કર્મચારીઓ હતા.

સુરત શહેર જીલ્લા માટે સેલ્સમેન જોઈએ છે

SMC નગરપાલિકાનાં દરેક ઝોનવાઈઝ ૩-૩ સેલ્સમેન

સુરત જીલ્લાની દરેક નગરપાલિકા વાઇઝ સેલ્સમેન, માર્કેટીંગનાં અનુભવી યોગ્ય ઉમેદવાર, યોગ્ય સંતોષકારક પગાર, ટુ વ્હીલર અને લાયસંસ સાથે મળો.

રાધાક્રિષ્ના વોટર વર્કસ

૭૦૧, ફોરમ પાર્ક, ગોકુલમ ડેરી પાસે આદર્શ સોસાયટી, સુરત.

9327329802

જોઇએ છે

સાડી અને રેડીમેન્ટ ડ્રેસ માટે અનુભવી સેલ્સમેન, સેલ્સગર્લ કમ બીલિંગ કાઉન્ટર સંભાળી શકે તેવા છોકરા, છોકરી અનમેરીડ

માત્ર હિન્દુ વર્ગ

મળવા માટેનો સમય : ૪ થી ૬

8128146710

HDFC BANK — એચડીએફસી બેન્ક લિમિટેડ

પર્સનલ ચીજવસ્તુઓ / ઘરવખરીના સામાનના નિકાલ માટેની નોટિસ

બ્રાન્ચ : એચડીએફસી બેન્ક લિમિટેડ, ટ્રાયડેન્ટ, રેસકોર્સ, વડોદરા-૩૯૦૦૦૭. ફોન : ૦૭૯-૬૪૮૦૭૯૯૯

અનુ. નં.	બોરોઅર/કાયદેસરનાં વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નાં નામ	તારીખના રોજ બાકી લેણાં* રૂ.	ડિમાન્ડ નોટિસ તારીખ	પઝેશન તારીખ ફીઝિકલ/ સિમ્બોલીક	સ્થાવર મિલકત(તો) / સલામત અસ્કયામત(તો) નું વર્ણન
(એ)	(બી)	(સી)	(ડી)	(ઈ)	(એફ)
૧	શ્રી દેવેન્દ્ર ગીરી (બોરોઅર) ૧૪૨૫૩૩ - ૬૧૦૭૫૧૭૬૪	રૂા.૮,૨૦,૮૫૩/- ૩૦ એપ્રિલ, ૨૦૨૨ ના રોજ*	૩૧ મે, ૨૦૨૨	૨૫ જૂન, ૨૦૨૩ ફીઝિકલ	ફ્લેટ નં. એ-૩૦૪, ત્રીજો માળ, પ્રાર્થના એપાર્ટમેન્ટ, (પ્રાર્થના કો. ઓ. હા. સો. લિ.), પ્લોટ નં. ૪૦૧/૫, જીઆઇડીસી ન્યુ કોલોની, જીઆઇડીસી, અંકલેશ્વર - ૩૯૩૦૦૨.
૨	શ્રી મોહસાહીદ મોહઝફર શેખ (બોરોઅર) ૮૭૭૧૬ - ૬૧૦૨૨૬૧૫૮	રૂા.૧૭,૬૧,૮૮૩/- ૩૦ એપ્રિલ, ૨૦૨૨ ના રોજ*	૩૧ મે, ૨૦૨૨	૯ નવે., ૨૦૨૨ ફીઝિકલ	રો-હાઉસ - ૧૭૬, આરઝૂ રેસિડેન્સી, સ. નં. ૩૧૪, બ્લોક - ૨૧૮૪, ઇકરા સ્કૂલ પાસે, હાથુરણ રોડ, તરસાડી, કોસંબા, સુરત - ૩૯૪૧૨૦.

આ જાહેર નોટિસ એ હકીકતને ધ્યાનમાં રાખીને જારી કરવામાં આવે છે કે **એચડીએફસી બેન્ક લિ.** (ભૂતકાળમાં **એચડીએફસી લિ.**, જેનું નામદાર એનસીએલટી-મુંબઈ ના તારીખ ૧૭ માર્ચ, ૨૦૨૩ના આદેશ મુજબ મંજૂર થયેલ એકીકરણ યોજના અનુસાર **એચડીએફસી બેન્ક લિમિટેડ** સાથે એકીકરણ થયેલ છે) (**એચડીએફસી**) ઉપરોક્ત બોરોઅર (બોરોઅર્સ)/ કાનૂની વારસ (વારસો)/ કાનૂની પ્રતિનિધિ (પ્રતિનિધિઓ) સાથે તેના /તેઓના એચડીએફસીના રેકોર્ડ મુજબના સરનામે સંપર્ક કરી/સ્થાપી શકી નથી.

આ કારણથી **એચડીએફસી** ના અધિકૃત અધિકારીશ્રી દ્વારા સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શ્યલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (સરફેસી એક્ટ)ની કલમ ૧૩(૨) અન્વયે મળવાપાત્ર સત્તાનો ઉપયોગ કરીને ઉપરોક્ત નિર્દિષ્ટ તારીખે બોરોઅર(બોરોઅર્સ)/ કાનૂની વારસ (વારસો)/ કાનૂની પ્રતિનિધિ (પ્રતિનિધિઓ)ને ડિમાન્ડ નોટિસ (નોટિસો) આપવામાં આવી હતી.

બોરોઅર (બોરોઅર્સ)/ કાનૂની વારસ (વારસો)/ કાનૂની પ્રતિનિધિ (પ્રતિનિધિઓ) નિશ્ચિત સમય મર્યાદામાં જારી કરવામાં આવેલી ડિમાન્ડ નોટિસનો અમલ કરવામાં નિષ્ફળ ગયા હોઈ, **એચડીએફસી**ના અધિકૃત અધિકારીશ્રી દ્વારા સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૮ સાથે વાંચવામાં આવેલ સરફેસી એક્ટની કલમ ૧૩(૪) અન્વયે જારી કરવામાં આવેલી ડિમાન્ડ નોટિસ(નોટિસો)માં ખાસ કરીને વર્ણવેલ સ્થાવર મિલકત (મિલકતો) / સિક્યોર્ડ મિલકત (મિલકતો)નો કબજો ઉપરોક્ત જણાવેલ તારીખે લઈ લેવામાં આવેલ છે.

ઉપરોક્ત સ્થાવર મિલકત (મિલકતો) / સિક્યોર્ડ મિલકત (મિલકતો) નો કબજો લેતી વખતે **એચડીએફસી**ના અધિકૃત અધિકારીશ્રી દ્વારા ત્યાં રહેલ અંગત સરસામાન અને ઘરવપરાશની ચીજવસ્તુઓની વિગતવાર યાદી તૈયાર કરવામાં આવેલ છે. જેની નકલ કોઈપણ કામકાજના દિવસે ઓફિસના સમયમાં નીચે સહી કરનાર પાસેથી મેળવી શકાશે.

આ સંજોગોમાં આ નોટિસ દ્વારા ઉપરોક્ત બોરોઅર (બોરોઅર્સ) / કાનૂની વારસ (વારસો) / કાનૂની પ્રતિનિધિ (પ્રતિનિધિઓ)ને નિર્દિષ્ટ સ્થાવર મિલકત (મિલકતો)માં / સિક્યોર્ડ મિલકત (મિલકતો) માં પડી રહેલ અંગત સરસામાન / ઘરવપરાશની વસ્તુઓ જે - તે તારીખથી ૧૦(દસ) દિવસ સુધીમાં ખસેડી લેવાનું જણાવવામાં આવે છે. આમ કરવામાં નિષ્ફળ જતાં અધિકૃત અધિકારીશ્રી પાસે અન્ય કોઈ વિકલ્પ ન રહેતાં અંગત સરસામાન/ઘરવપરાશની ચીજવસ્તુઓ દૂર કરવામાં અને તેનો નિકાલ કરવામાં / જે રીતે યોગ્ય જણાય તે રીતે તેને હાથ ઉપર લેવામાં આવશે, જેના ખર્ચ અને પરિણામો સહિતની સંપૂર્ણ જવાબદારી બોરોઅર (બોરોઅર્સ) / કાનૂની વારસ (વારસો) / કાનૂની પ્રતિનિધિ (પ્રતિનિધિઓ)ની રહેશે. આ બાબતમાં ભવિષ્યમાં કોઈપણ પ્રકારના હકદાવાને ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

તારીખ : ૦૫-૦૧-૨૦૨૪
સ્થળ : વડોદરા

વતી, એચડીએફસી બેન્ક લિ.
સહી/-
અધિકૃત અધિકારી

રજિ. ઓફિસ : એચડીએફસી બેન્ક લિ., એચડીએફસી બેન્ક હાઉસ, સેનાપતી બાપટ માર્ગ, લોઅર પરેલ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૧૩.
CIN : L65920MH1994PLC080618, Website: www.hdfcbank.com

"ઈ"-ટેન્ડરીંગ નિવિદા નં.- ૧૫ સને : ૨૦૨૩-૨૪

ગુજરાત રાજયનાં રાજયપાલ વતી નીચે દર્શાવ્યા મુજબના કામ માટે કાર્યપાલક ઈજનેરશ્રી, ડાંગ (મા×મ) વિભાગ, આહવા મેઈન રોડ ફોન નં. (૦૨૬૩૧) ૨૨૦૨૨૮ દ્વારા ઈ-ટેન્ડરીંગ પધ્ધતીથી ટેન્ડરો માંગવામાં આવે છે.

અ. નં.	કામનું નામ	અંદાજીત રકમ ટેન્ડર - ફી / શ્રેણી
૧.	રીસર્ફેસીગ ઓફ આહવા - નવાપુર રોડ કિ. મી. ૨૫/૦૦ થી ૨૯/૫૦૦, ૩૭/૫૦૦ થી ૪૪/૦૦ જી. ડાંગ.	રૂા. ૫૦૪.૩૮ લાખ રૂા.૧૨૦૦૦/- "એ" કલાસ અને ઉપરના સ્પે. કેટે.-૨ (રોડ)

જે ટેન્ડરના દસ્તાવેજો વેબસાઈટ "www.tender.nprocure.com" ઉપર તા.૨૨/૦૧/૨૦૨૪, ૧૮.૦૦ કલાક સુધી જોવા મળી શકશે. સદર ટેન્ડરને લગત કોઈપણ સુધારો (n) procure ના માધ્યમથી ફક્ત Online મુકવામાં આવશે. ફક્ત નિવિદા રાજય સરકારની વેબસાઈટ www.stattenders.com ઉપર જોવા મળી શકશે.
વધારાની વિગતો માટે અમારી ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.
ક્રમાંકઃ માહિતી/ડાંગ/૨૩૭/૨૦૨૪

અંકલેશ્વર નોટિફાઇડ વિસ્તાર
મુખ્ય અધિકારીશ્રી ની કચેરી
ફોન નં. (૦૨૬૪૬) ૨૨૨૪૮૭
જાહેર નિવિદાનં. ૦૫/૨૦૨૩-૨૪

મુખ્ય અધિકારી, નોટિફાઇડ એરીયા જીઆઇડીસી અંકલેશ્વર પ્લોટ નં.૬૧૮-૬૧૯, એ.આઇ.એ. કોમ્યુનીટી સેન્ટર,જીઆઇડીસી, અંકલેશ્વર વિભાગ તરફ થી જીઆઇડીસી, ગુજરાત રાજ્ય જાહેર બાંધકામ વિભાગ હાઉસીંગ બોર્ડ અને જાહેર આરોગ્ય ખાતા ની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ યાદીનાં કોન્ટ્રાકટરો પાસે થી જુદા જુદા કામો ના ટેન્ડરો મંગાવવામાં આવેલ છે.

અ. નં.		
૧ થી ૧૯	ઓન લાઈન ટેન્ડર	આ ટેન્ડર ફક્ત ઓન લાઈન તા. ૦૮/૧/૨૦૨૪ થી ૧૭/૧/૨૦૨૪ ના ૧૭-૦૦ કલાક સુધી વેબ સાઈટ www.nprocure.com અને www.statetenders.gujarat.gov.in ઉપર જ મોકલવા.
૨૦	ઓફ લાઈન ટેન્ડર	ટેન્ડર આપવાની તારીખ ૦૮-૧-૨૦૨૪ થી ૧૨-૧-૨૦૨૪ સીલબંધ કવરમાં આર.પી.એ.ડી./ સ્પીડપોસ્ટ થી ભરેલ ભાવો સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૯-૧-૨૦૨૪ ના રોજ ૧૭.૦૦ કલાક સુધી ટેન્ડર ઓપનીંગ શકય હશે તો તા. ૨૦-૧-૨૦૨૪ ના રોજ ૧૨-૦૦ કલાકે

- આ કામના ઓનલાઈન ટેન્ડર માટે ના બીજા દસ્તાવેજી પુરાવા, બાનાની રકમ, ટેન્ડર ફી, રજીસ્ટ્રેશન ની કોપી વિગેરે તા. ૧૮/૧/૨૦૨૪ થી ૧૯/૧/૨૦૨૪ ના ૧૭-૦૦ કલાક સુધીમાં બાય સ્પીડ પોસ્ટ/કુરિયર/હેન્ડ ડિલીવરી થી મળેતે રીતે ચીફ ઓફીસર, નિર્દિષ્ટ વિસ્તાર,જીઆઇડીસી, અંકલેશ્વર ની કચેરી ને મોકલવા. ટેન્ડર ઓપનીગ શકય હશે તો તા. ૨૦/૧/૨૦૨૪ રોજ ૧૨-૦૦ કલાકે ખોલવામાં આવશે.
- આ કામ ની નિવિદા ઓફીસ નાં નોટીસ બોર્ડ ઉપર તેમજ વેબસાઈટ www.nprocure.com અને www.statetenders.gujarat.gov.in માં જોવા મળશે.વધુ માહીતીની જરૂરીયાત હોય તો ચીફ ઓફીસરનોટિફાઇડ એરીયા જીઆઇડીસી અંકલેશ્વર (ફોન ૦૨૬૪૬-૨૨૨૪૮૭) ખાતે કામકાજ ના સમય દરમ્યાન મેળવી શકશે.

સહી/-
મુખ્ય અધિકારી,
નિર્દિષ્ટ વિસ્તાર અધિકારી,
જીઆઇડીસી, અંકલેશ્વર

માહિતી/ભરૂચ/ ૫૬૪/૨૦૨૪

વેચાણ અંગેની જાહેર નોટીસ

ડિસ્ટ્રીક્ટ **સુરત** સબ ડિસ્ટ્રીકટ–તાલુકો **ઓલપાડ** ના મોજે **કોસમ,** સર્વે નંબર : ૨૨૮/૨ ના **બ્લોક નંબર : ૧૨૦** કે જેનું ૭/૧૨ મુજબ **કુલ ક્ષેત્રફળ સુમારે હે.આરે. ૧–૩૧–૫૨ ચો.મી. યાને ૧૩૧૫૨.૦૦ ચો.મી.** છે જેનો આકાર રૂા. ૧૮.૦૦ પૈસા છે તથા ખાતા નંબર : ૫૪૯ છે તે ખેતીની જુની શરતની જમીન તથા તેના અંદરના તથા બહારના તમામ પ્રકારના હકક–હિત હિસ્સા સહિતની મીલકત (૧) શ્રી વિજયભાઈ ધરમશીભાઈ નારોલા તથા, (૨) શ્રી કાંતીભાઈ ધરમશીભાઈ નારોલાનાઓની સહીયારી માલીકી, કબજા ભોગવટા હેઠળની બોજા રહિત, ચોખ્ખા ટાઈટલ વાળી હોવાનું જણાવી અમારા અસીલ સાથે વેચાણ વ્યવહાર કરવા માંગે છે અને અમારા અસીલ તેમને કિમતી અવેજ ચુકવી પાકા લખાણો કરાવી લેવા માંગે છે. સબબ, **અમારા અસીલની સુચના ઉપરથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું** કે, જે કોઈના મજકુર જમીન પર સીધા/આડકતરા કાંઈપણ હકક, હિત, સંબંધ, દર–દાવા, કલેઈમ હોય કે સુચિત વ્યવહાર સામે કોઈપણ વાંધો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન–૭ (સાત) ની મુદતમાં પુરાવા સહિત વકીલશ્રીની ઓફીસના સ્થળે લેખિત જાણ કરવી. મુદત દરમ્યાન કોઈ કલેઈમ કે વાંધા મળે નહી તો મુદત વિત્યે તેવા કોઈના કલેઈમ કે વાંધા નથી અને હોય તો જતા કર્યા છે તેમ ગણી અમારા અસીલ દસ્તાવેજ સહીતના તમામ વ્યવહાર સંપુર્ણ કરશે પછી કોઈપણ પ્રકારની તકરાર ધ્યાને લેવાશે નહી અને ત્યારબાદ જો કોઈપણ ઈસમ, સંસ્થા કે મંડળી દ્વારા કોઈપણ પ્રકારના ખોટા દાવા–દુવી, ખોટી તર–તકરારો કે ખોટા વાંધા–વિરોધો ઉભા કરવામાં/કરાવવામાં આવશે તો તે તમામને કોર્ટ લીટીગેશનો તેમજ દાવા–દુવી સિવાય મીલકતમાં કોઈપણ પ્રકારનો હકક, હિત કે હિસ્સો પ્રાપ્ત થશે નહિ. જેની તમામ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

અમારી મારફત
મેહુલ એસ. લખાણી
હિરેન એચ. સતાણી
તે ખરીદનારના એડ્વોકેટ્સ

સ્થળ : સુરત તા.૦૬/૦૧/૨૦૨૪
RISE UP ASSOCIATES®
૩૩૧-૩૩૨, ત્રીજો માળ, લક્ષ્મી એંકલેવ, ગજેરા સ્કુલની સામે, કતારગામ, સુરત.
મો. ૮૮૬૬૬ ૦૧૪૧૫ – ૯૯૨૫૧ ૫૧૧૮૭

જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ **સુરત,** સબ-ડીસ્ટ્રીકટ **ઓલપાડ**ના મોજે ગામ **સાંધીયેર**ના રે.સર્વે નંબર : ૨૮/૧, **બ્લોક નંબર : ૮૧** વાળી બીન ખેતી પ્રિ. પાત્ર ખેતીની જમીન કે જેનું કુલ ક્ષેત્રફળ સુમારે **હે-આરે ૧-૩૭-૬૦ચો. મી. પૈકી ૬૯૮૧ ચોરસ મીટર વણ વહેંચાયેલ હિસ્સા વાળી જમીન.** જેનો આકાર રૂા. ૨૦.૧૨ પૈસા છે તથા ખાતા નંબર : ૧૨૧૦ છે તે જમીનના માલીકો **(૧) ઉમંગકુમાર અશોકભાઇ (૨) રસીકલાલ નરોત્તમભાઇ પટેલ (સુંઢીયા) (૩) મર્હુમ કૌશિકભાઇ નરોત્તમભાઇ પટેલ (સુંઢીયા)ના સીધીલીટીના વારસદારો તરીકે (૩.૧) નયનાબેન તે કૌશિકભાઇ નરોત્તમભાઇ પટેલના પત્ની (૩.૨) પાર્થ કૌશિકભાઇ પટેલ (૩.૩) પ્રિયા તે કૌશિકભાઇ પટેલની પુત્રી અને અક્ષ પટેલની પત્ની (૪) રીટાબેન નરોત્તમભાઇ પટેલ (સુંઢીયા) તે દિલીપભાઇ પટેલની પત્ની (૫) ગીતાબેન અશોકભાઇ સુંઢીયા (૬) ફાલ્ગુની તે અશોકભાઇ સુંઢીયાની પુત્રી તથા તારક પટેલની પત્ની વિગેરે**ની સંયુકત માલીકીની અને બોજા રહિત હોવાનુ જણાવી અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. અમારા અસીલે કિંમતી અવેજ ચુકવી સદરહું જમીન અંગેના પાકા લખાણો કરાવી લેવા માંગે છે. સબબ, મારા અસીલની સુચના ઉપરથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, જે કોઇ વ્યકિત કે સંસ્થાને મજકુર જમીન પર સીધા કે આડકતરા જો કોઇ પણ જાતનો બોજો કે હરકોઇ પ્રકારનો, લાગભાગ, હકક, હિસ્સો, હિત સંબધ કે દાવાદુવી હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ ની મુદતમાં પુરાવા સહીત અમોને લેખીતમાં જાણ કરવી. મુદત દરમ્યાન જો કોઇ કલેઇમ કે વાંધો મળે નહી તો મુદત વિત્યે તેવા કોઇના કલેઇમ કે વાંધા નથી અને જો હોય તો તેઓએ જતા કર્યા છે તેમ ગણી મારા અસીલ દસ્તાવેજ સહીતના તમામ વ્યવહાર સંપુર્ણ કરશે અને તે બાદ કોઇની કોઇપણ પ્રકારની તકરાર ધ્યાને લેવાશે નહી જેની લાગતા-વળગતા સર્વેએ નોંધ લેવી.

દિલીપ પી. વોરા તથા નૈષધ એ. જાસોલીયા
ADVOCATES AND NOTARY તે ખરીદનારના એડવોકેટ્સ
Head Office : 328-329, Shreyansh Diamond Center, Mini Bazar, Varachha, Surat
Branch Office : 401, Millioner Business Park, TGB Circle, Adajan, Surat

---

જાહેર નોટીસ

આથી સમગ્રજાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે ગુજરાત રાજયના **ભરૂચ જીલ્લાના હાંસોટ** તાલુકાના ગામ **કઠોદરાના રેવન્યુ ખાતા નંબર : ૪૬૮ ના જુનો રે.સર્વે નંબર : ૨૮૦ નવો રેવન્યુ સર્વે નંબર : ૩૬૧** ની જુની શરતની ખેડવાણ જમીન જેનું ક્ષેત્રફળ **હે.આરે. ૦–૯૬–૪૨ ચો.મી.** વાળી ખેતી લાયક જમીન **ભનુભાઈ તોગાભાઈ ભરવાડ**ની સંપૂર્ણ કુલ માલીકી તથા કબ્જા ભોગવટાની ચાલી આવેલ છે.

ઉપરોક્ત ખેડવાણ જમીન મારા અસીલે સદરહુ ખેડવાણ જમીનના માલિક પાસેથી સુથી આપી ખરીદ કરવા નકકી કરેલ છે. સદરહુ ખેડવાણ જમીનની માલિકી, કબ્જા ટાઈટલ કે વેચાણ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, વારસાઈ, બક્ષીસ, ગીરો, બોજો, દર દાવો, ભરણપોષણ કે અન્ય કોઈપણ વાંધો, તકરાર હોય તે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ–૦૭ (સાત) માં અમોને નીચેની સરનામે લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી. જો સમયમર્યાદામાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, લાગ, ભાગ, હકક, હીત કે હિસ્સા નથી અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે. તેમ સમજી મારા અસીલ દ્વારા સદરહુ ખેડવાણ જમીન, જમીન માલીકો પાસેથી ખરીદ કરવામાં આવશે. ત્યારબાદ જો કોઈનો વાંધો, તકરાર આવશે તો તે મારા અસીલને શધ્ધ બુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી. જેની આથી દરેક લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી. સ્થળ : સુરત તારીખ : ૦૬/૦૧/૨૦૨૪

બી-૨૩૫, નંદનવન ટાઉનશીપ, સી.એન.જી. પંપ પાસે, ડીંડોલી રોડ, નવાગામ,સુરત. મો.૮૮૬૬૦ ૩૫૩૧૫

યોગિતા એ.ચૌહાણ
તે ખરીદનારના એડવોકેટ

:: જાહેર નોટીસ ::

સુરત ડીસ્ટ્રીકટ અડાજણ સબ-ડીસ્ટ્રીકટના **મોજે : જહાંગીરાબાદ** નાં રે.સર્વે નં. ૧૭૫ નાં **બ્લોક નં. ૧૨૨/પૈકી ૧** વાળી જમીન, જેનો ટી.પી.સ્કીમ નં. ૪૪, ફા.પ્લોટ નં. ૪૩ વાળી બિનખેતની જમીન માં મે. જાનકી કોર્પોરેશન-એક ભાગીદારી પેઢી દ્વારા આયોજીત **"જાનકી રેસીડન્સી"** ના નામથી બાંધવામાં આવેલ બિલ્ડીંગો પૈકી **બિલ્ડીંગ નં. એ/૨** ના બીજા માળે આવેલ **ફ્લેટ નં. ૨૦૪,** જેનો બીલ્ટઅપ એરીયા ૫૩.૮૦ ચો.મી. વાળી મીલકત (૧) કમલેશભાઇ બાબુલાલ સહાની (૨) અખિલેશભાઇ બાબુભાઇ સહાની (૩) શૈલેષભાઇ બાબુલાલ સહાની નાઓની માલિકીનું હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહું મિલકતમાં કોઇનો કોઇપણ જાતનો હકક, હિત, હિસ્સો, લાગ ભાગ, દરદાવો, કબજો, બાજો, ગીરો, લીયન વિગેરે તેમજ કોઇપણ બેંક કે સંસ્થામાં લોન ચાલી આવેલ હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી તેમણે દસ્તાવેજી પુરાવાઓ સહિત દિન-૭ માં હમારા નીચે જણાવેલા સરનામે લેખિતમાં જાણ કરવી. તેમ કરવામાં કસુર થયેથી સદરહું મિલકતમાં કોઇનો કોઇપણ જાતનો હકક, હિત, હિસ્સો, સંબંધ, દરદાવો નથી અને હોય તો તે જતો કર્યો છે એટલે કે "વેઈવ" કર્યો છે તેમ માની આ નોટીસની મુદત વિત્યે હમારા અસીલ સદરહું મિલકતને લગતા જરૂરી વેચાણ અંગેના પાકા લખાણો કરાવી લેશે. ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તર-તકરાર ચાલશે નહીં. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી. તા. ૦૬/૦૧/૨૦૨૪

ઓફિસ : ૧૨ થી ૧૮, પહેલો માળ, જયજલારામ શોપિંગ સેન્ટર, પાલનપુર પાટીયા, રાંદેર રોડ, સુરત. ફોન : ૨૭૭૮૬૫૯, મો. ૯૯૭૮૧ ૮૮૨૫૩

હમારી મારફત :
અરવિંદ એલ. પટેલ
વિવેક એ. પટેલ તે એડવોકેટ્સ

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકા ના મોજે ગામ આભવાના સર્વે નંબર ૨૧૬, વાળી એકર ૭-૩૫ ગુંઠા, આકાર ૧૮.૪૪ પૈસાવાળી વિગતની જમીન પૈકી ખેતી સિવાય ના લેઆઉટ પ્લાન જે ચોર્યાસી તાલુકા પંચાયત અધિકારીએ બિનખેતી ઉપયોગ માં ફક્ત રહેઠાણ માટે જે પ્લોટ મંજુર કરેલા છે તે મુજબ નો પ્લોટ ન ૨૧જેનું ક્ષેત્રફળ ૪૦૦,૦૦ સમ ચો. મી છે તે સદરહુ પ્લોટ સાથે આવેલા એપ્રોચ રોડ યાને રસ્તાના જવા-આવવા તથા વાહનો લાવવા લઇ જવાના બીજા પ્લોટ હોલ્ડરો સાથે રસુકા વપરાશ ના હક્કો સહીત ની મિલકત કે જે હાલએ ૧). વિજયકુમાર મનસુખલાલ દાદાવાળા ૨) સ્નેહલબેન વિજયકુમાર દાદાવાળા ના ઓની સ્વતંત્ર માલિકી અને કબ્જા ભોગવટાની ચોખ્ખા માર્કેટેબલ ટાઇટલ વાળી અને બોજ મુક્ત હોવાનું જણાવી સદર મિલકત અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે, જેથી સદરહુ મિલકતના બાબતે જે કોઈ વ્યક્તિ, વારસદાર, સંસ્થા, બેંક, નાણાકીય સંસ્થા, સોસાયટી વગેરે નો કોઈપણ પ્રકારના લાગભાગ, હક્ક હિસ્સો. હિત, સબંધ. લાભ વગેરે હોય તથા અલાખો, બોજો, લોન ચાર્જ, લિયન, બાનાખત, વાંધા હોય તો તે દિન-૧૦ માં લેખિત પુરાવા સહીત અમોને નીચે જણાવેલ સરનામે વાંધા મોકલી આપવા તથા રૂબરૂ આવી મળી જવું જો તેમ કરવામાં ચૂક થશે તો તે સદર મિલ્કત ના માલિક ની તરફેણ માં જતો યાને વેવ કર્યો છે તેમ સમજવામાં આવશે અને તેમ માની અમારા અસીલ મુદ્દત વીત્યે થી સદરહુ મિલ્કત ના વેચાણ અવેજ ની રકમ ચૂકવી આપી દેશે અને પાછળ થી કોઇ ની કોઈપણ જાતની તર તકરાર ચાલશે નહિ અને અમારા અસીલ આગળ ની કાર્યવાહી કરશે જેની જાહેર જનતા એ ગંભીર તથા ખાસ નોંધ લેવી

દિવ્યા એસ. મારવાડી ખરીદનાર ના એડવોકેટ
ઓફિસ :- ૧૦૨/૧૦૩, કોર્નર પોઇન્ટ,કાલાપેશી મોહલ્લો, નાનપુરા, સુરત (૮૧૨૮૯૮૨૮૭૫)

મોજે ગવીયરના સર્વે નં. ૧૫ વાળી જમીન સંદર્ભે ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ ડીસ્ટ્રીકટ, હાલ **મજુરા** તાલુકા તરીકે ઓળખાતા **મોજેઃ ગવીયર**ના **રે.સર્વે નં. ૧૫** થી નોંધાયેલ ખેડ ખાતાની જમીન જેનું સુમારે **ક્ષેત્રફળ ૧૦૬૨૩ ચો.મી** કે જેનો **આકાર રૂા. ૧૨.૦૪** વાળી ખુલ્લી જમીનના સંપુર્ણ અને સ્વતંત્ર માલિક **(રમેશભાઈ ભાણાભાઈ અને બાબુભાઈ ભાણાભાઈના વારસદારો)યાને તેજશકુમાર રમેશભાઈ વિગેરે, હાર્દિકભાઈ બાબુભાઈ વિગેરે, તથા નીરૂબેન ભાણાભાઈ, કુસુમબેન ભાણાભાઈ, જશુબેન ભાણાભાઈ, મીનાબેન ભાણાભાઈ** ચાલી આવેલ હોવાનુ જણાવી તથા તેઓના નામ વર્ષોથી રેવન્યુ દફતરે ચાલી આવેલ હોવાનું જણાવી તેવી જમીન સંદર્ભે અમો એડવોકેટ કનેથી ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી ઉપરોક્ત જમીન બાબતે જે કોઈ વ્યક્તિ, બેંક, સંસ્થા કે પેઢીનો કોઈપણ પ્રકારે હકક કે અધિકાર હોય કે કોઈપણ ઈસમનો કોઈ મૌખિક કે લેખિત કોઈપણ પ્રકારે અધિકાર હોય કે જમીન સંદર્ભે દરદાવો હોય તો તેવા ઈસમોએ આ નોટીસ પ્રસિધ્ધ થયાના **દિન–૭** માં પોતાના વાંધા તથા તે અંગેના કાયદેસરના પુરાવાઓ લઈ અમો એડવોકેટશ્રીનો સંપર્ક કરવો. મુદત વીત્યેથી અમો એડવોકેટ ધ્વારા ઉપરોક્ત જમીન સંદર્ભે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવા આગળની કાર્યવાહી કરવામાં આવશે અને ત્યારબાદતે અંગે કોઈપણ ઈસમની કોઈ પણ જાતની તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

OFF.: 203/204, MILESTONE ELEMENTS, ABOVE WHITE CROW SHOW ROOM, NEXT TO ISCON MALL, OPP. RAJ HANS CINEMA, PIPLOD, SURAT-DUMAS ROAD, SURAT. MOB.: 98790 71605

મિનેષ સી. ગજીવાલા
એડવોકેટ

જાહેર પ્રસિધ્ધી
ફરિયાદના મુદ્દા ઠરાવવાનો સમન્સ (ઓર્ડર ૫ ક. ૧૫)

બાબરાનાં મે, પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં મુ. બાબરા, જી.અમરેલી.

રે.દિ.મુ. નં. ૧૮૬/૨૦૧૪ — મુદત તારીખઃ- ૧૭/૦૧/૨૦૨૪

વલ્લભભાઈ વાલાભાઈ ચોવટીયા (પટેલ) રહે.ગામ કોટડાપીઠા તા.બાબરા જી.અમરેલી	વાદી
વિરૂધ્ધ સ્વ. પ્રતિવાદી ભગવાનભાઈ રણછોડભાઈ ચોવટીયાના વારસ નં. ૩ રેણકાબેન ગોપાલભાઈ જન રે. ઉટવડ તા.બાબરા જી.અમરેલી. હાલ રહે.- સુરત.	પ્રતિવાદી

તમો ઉપરોક્ત પ્રતિવાદીને જણાવવાનું કે, આ કામના વાદીએ તમારા ઉપર દાવો કરેલ છે, માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે, **તા. ૧૭/૦૧/૨૦૨૪ ને રોજ સવારના ૧૦/૩૦ કલાકે** સદરહુ દાવાનો જવાબ આપવા આ કોર્ટમાં તમો જાતે અથવા કોર્ટના જે પ્લીડરને તમારી હંકીકત બરાબર સમજાવી હોય તથા જે એ દાવાના સઘળા જરુરી સવાલના જવાબ દઈ શકે તેવા બીજા શખ્સને પ્લીડર સાથે રાખીને તે પ્લીડર મારફતે હાજર થવું. માટે તે દિવસે તમારે તમારા સઘળા લેખિત પુરાવા જેના ઉપર તમે તમારા બચાવનો આધાર રાખતા હોય તે હાજર કરવાને તમારે તૈયાર થઈ રહેવું.

અને તમને આ ઉપરથી નોટીસ આપવામાં આવે છે કે, જો ઉપર જણાવેલ દિવસે તમે હાજર નહી થાવ તો, તમારી ગેરહાજરીમાં દાવા અંગે સાંભળીને તેનો નીકાલ કરવામાં આવશે.

આજ તારીખ ૧૮ માહે ડીસેમ્બર સને ૨૦૨૩ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યા.

હુકમથી.
(એસ.એન.વીસાણી)
રજીસ્ટ્રાર,
પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ, બાબરા

તૈયાર કરનાર (ડી.બી. દવે) આસી.કલાર્ક — મુકાબલ કરનાર (જે.પી.મકવાણા) સીની.કલાર્ક — (કોર્ટનો સિક્કો)

જિલ્લો નવસારી, તા.જલાલપોરના મોજે ગામ ઓંજલના
વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને જણાવવાનું કે, જિલ્લો નવસારી, તા.જલાલપોરના મોજે ગામ ઓંજલના નીચે પરિશિષ્ટમાં જણાવ્યા મુજબના બ્લોક/સર્વે નંબરવાળી જમીનો (૧) પ્રવિણભાઈ ધનજીભાઈ પટેલ (૨) કુંદનભાઈ ધનજીભાઈ પટેલ (૩) સારિકા કુંદનભાઈ પટેલ (૪) જતિન કુંદનભાઈ પટેલ (૫) મીતેષ કુંદનભાઈ પટેલ (૬) નીરૂબેન ગુણવંતભાઈ પટેલ (૭) રાગીણી ગુણવંતભાઈ પટેલ (૮) જયોત્સના પ્રભાત પટેલ (૯) હેમાંગી પ્રભાત પટેલ તે લોકેશ માથુરની પત્ની તથા (૧૦) નીખીલ પ્રભાત પટેલનાઓની સંયુકત માલિકી, કબજા, ભોગવટા, વહીવટ હેઠળની સંપુર્ણ માર્કેટેબલ ચોખ્ખા ટાઈટલવાળી હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. સદરહુ નીચે પરિશિષ્ટમાં જણાવેલ જમીનો બાબતે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિસ્સો, લખાણ, સાટાખત, લીયન, ગીરો કે ખોરાકી-પોષાકીના કે અન્ય કોઈ પ્રકારના હકક કે અધિકાર હોય તેઓએ દિન-૭ (સાત) માં લેખિત પુરાવા સહિત રૂબરૂ મળવું. જો મુદ્દત વિત્યે કોઈ લેખિત પુરાવા સહિત મળશે નહીં તો કોઈના કોઈપણ પ્રકારના હકક કે હકકો ચાલી આવેલ નથી અને ચાલી આવેલ હોય તો જતા યાને વેવ કર્યા છે તેમ ગણી લઈ મારા અસીલ રજી.વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. જે અંગે પાછળથી કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહીં જેની ગંભીર નોંધ લેવી.

ક્રમ	બ્લોક/સર્વે નંબર	ક્ષેત્રફળ	આકાર રૂા.
૧	૧૭૬૧	૦-૪૭-૬૬	૪.૨૦
૨	૧૭૮૧	૦-૫૦-૬૨	૪.૯૦
૩	૧૭૮૨	૦-૨૨-૯૦	૨.૫૫
૪	૫૭૬	૦-૦૨-૦૩	૦.૪૦
૫	૧૯૧૩	૦-૦૫-૦૬	૦.૭૫
૬	૧૮૫૬	૦-૦૩-૦૪	૦.૨૫
૭	૧૮૩૦	૦-૦૭-૦૮	૧.૦૦

સ્થળ : સુરત તારીખ : ૦૬-૦૧-૨૦૨૪
ઠેકાણું : કણબીવાડ, દૂધ ડેરીની પાસે, ડુમસ, સુરત. મો.૯૮૨૫૦ ૫૮૪૭૭

મારી મારફત
દિનેશ જી. ગૌતમ
એડવોકેટ

પ્લોટ વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, તાલુકો ચોર્યાસીના **મોજે ગામ પાલી** ના બિનખેતીના રે.સ.નં. ૫૭/૨, **બ્લોક નં. ૫૪** વાળી જમીનમાં રહેણાંકના સોસાયટી **શ્રી ચામુંડા નગર** નું આયોજન કરેલ છે તેમાં રહેણાંકના હેતુ માટે પાડવામાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં. ૨૨, ૨૩, ૨૪ ખુલ્લા પ્લોટોવાળી મિલકતના માલીક/કબજેદાર જીગરભાઈ બંસીધરભાઈ ઠાકર**ના ચાલી આવેલ છે જેઓ પાસેથી અમારા અસીલ ખરીદ કરવાનું નકકી કરેલ છે અને તે અંગેના લખાણો પણ પ્લોટ માલીકોએ કરી આપેલ છે. અને સદરહુ પ્લોટોની બાકી અવેજની રકમચુકવી હમારા અસીલ રજીસ્ટર્ડ કરારો કરાવી લેનાર છે. જેથી સદરહુ પ્લોટો અંગે જો કોઈના કોઈપણ પ્રકારના લાગભાગ, હકક, હિત, હિસ્સો, ઈઝમેન્ટ, બોજો, ગણોત, ઈત્યાદી હકકો ચાલી આવેલ હોય તો દિન-૧૦ માં દસ્તાવેજી પુરાવાઓ સાથે વાંધા રજૂ કરવા જો તેમ કરવામાં કસુર કરશો તો હમારા અસીલ મુદત વિત્યેથી સદરહુ પ્લોટોના પાકા રજીસ્ટર્ડ કરારો કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ કશા પ્રકારની તર-તકરાર ચાલશે નહીં. જેની નોંધ લેવી.

ઓફિસઃ ૭/૨, અમૃતનગર, સ્વામી નારાયણ મંદિરની સામે, ફુટ ઓવર બ્રીજ પાસે, ઉધના નવસારી મેઈન રોડ, સુરત. મો.નં. ૮૧૪૧૩૩૩૩૬૩

જીજ્ઞેશ એમ. યાદવ
તે ખરીદનારના એડવોકેટ

જમીન વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત જીલ્લાના, સીટી તાલુકાના મોજે : ભટારનાં રે.સ.નં. ૬૦, ૬૧ તથા ૬૨ થી નોંધાયેલી જમીન પૈકી સ.નં. ૬૧, ૬૨/૧ તથા ૬૨/૨. ટી.પી.સ્કીમ નં. ૨૭ (ભટાર) નાં ફા. ૧૧૫, ૧૧૪, ૧૧૩ તથા ૯૪ વાળી બીનખેતીની જમીનમાં રહેઠાણનાં હેતુ માટે સંત તુકારામ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી વિભાગ-૩ નાં નામે પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં. ૩ વાળી મીલકત પૈકી સબ-પ્લોટ નં. ૧ વાળી સુમારે ૭૮.૨૦ સ.ચો.મી. યાને ૯૩.૫૨ સ.ચો.વાર ક્ષેત્રફળ ધરાવતી મીલકત. જેમાં ગ્રાઉન્ડ + પહેલા માળ મળી કુલ્લે ૫૨.૦૨ સ.ચો.મી. બાંધકામ વાળી મીલકત તથા પ્લોટ નં. ૩ વાળી મીલકત પૈકી સબ-પ્લોટ નં. ૨ વાળી સુમારે ૭૮.૨૦ સ.ચો.મી. યાને ૯૩.૫૨ સ.ચો.વાર ક્ષેત્રફળ ધરાવતી મીલકત. જેમાં ગ્રાઉન્ડ + પહેલા માળ કુલ્લે ૫૨.૦૨ સ.ચો.મી. બાંધકામ વાળી મીલકત તથા પ્લોટ નં. ૪ વાળી મીલકત જેનું ક્ષેત્રફળ સુમારે ૨૩૬ સમ ચો. વાર યાને ૧૯૭.૩૨ ચો. મીટર છે. જેનુ સુરત મહાનગર પાલિકાના વેરા બીલ મુજબ કારપેટ એરીયા ૧૯૯.૮૧ ચો.મી તથા બિલ્ટઅપ એરીયા ૨૩૯.૭૭ ચો.મી બાંધકામ વાળી મીલકતો આવેલ છે. જે મીલકતના માલિકિ ઉપરોક્ત મીલકત સ્વતંત્ર માલિકિ, કબજા, ભોગવટા, વહીવટ, વ્યવસ્થા હેઠળની તથા તમામ ટાઇટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનુ જણાવી અમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણથી આપવાનુ નક્કી કરેલ. જેથી સદરહુ મીલકતો ઉપર કોઈ ભાગીદારો, વારસદારો, કોઈ વ્યક્તિ, સંસ્થા, મંડળી, બેંક વિગેરે લાગભાગ, હક્ક-હિસ્સા, દર-દાવા, જપ્તી, અવલ-જપ્તી, લેણુ-બોજા, સોદા, સાતાખત, પાવર ઓફ એર્ટની વિગેરે હોય તો તેમણે કાયદેસરના લેખીત પુરાવા સહિત અમારા અસિલ વતી અમોને દિન - ૭ માં જાણ કરશો. મુદ્દત વિત્યાબાદ કોઈના કોઈપણ પ્રકારના સદરહું મીલકતોમાં હિત, સબંધ, હક્ક, હિસ્સા કે લાગભાગ, દર-દાવા વિગેરે નથી અને હોય તો તે જતા કર્યા છે એમ માની લઈ મારા અસીલ મજકુર માલિકો સાથે વેચાણ અંગેનો વ્યવહારો પુર્ણ કરી, જરૂરી કાયદેસરના લખાણો કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, વાંધો, વિરોધ ચાલશે નહી તેની લાગતા વળગતા સૌએ નોંધ લેવી. તા.૦૬/૦૧/૨૦૨૪

સંકેત જી. દેસાઈ અને **કરિશ્મા એન. પટેલ**
ખરીદનાર અમીન અમીરઅલી મીઠાણીના એડવોકેટ
ઓફિસ : ૩૦૧, ૩૦૨, બીજો માળ, બી-વીંગ, શ્રી પદમા આર્કેડ, હેન્ડલુમ હાઉસની બાજુમાં, નાનપુરા પોલીસ ચોકી રોડ, નાનપુરા, સુરત. મો. ૯૮૨૫૧ ૦૦૮૫૫

વેચાણ અંગેની ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે,સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીક કામરેજ નાં મોજે ગામ કઠોરના સર્વે/બ્લોક નં.૪૭૯ વાળી જુની શરતની જમીન કે જેનુ ક્ષે.હે.આ.રે. ૧-૭૭-૧૮ ચો.મી. ,જેનો આકાર રૂ. ૨૩.૨૫ છે જેના હાલના કબજેદાર મુળ માલિક/ખેડુત ખતીજાબેન તે ઇબ્રાહીમ ઈસ્માઈલ સીદાતની છોકરીના નામથી ચાલી આવે છે,તથા સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીક કામરેજ નાં મોજે ગામ કઠોરના સર્વે/બ્લોક નં.૪૮૦, વાળી જુની શરતની જમીન કે જેનુ ક્ષે.હે.આ.રે. ૦-૫૮-૨૭ ચો.મી. ,જેનો આકાર રૂ. ૫.૮૭ છે જેના હાલના મુળ માલીક/ખેડુત કબજેદાર (૧)ખતીજાબેન તે ઇબ્રાહીમ ઈસ્માઈલ સીદાતની છોકરી (૨)મહમદ ઈબ્રાહીમ ઈસ્માઈલ અહમદ સીદાત (૩) સલીમભાઈ ઈબ્રાહીમ ઈસ્માઈલ અહમદ સીદાત (૪) ફરીદાબેન ઈબ્રાહીમ ઈસ્માઈલની પુત્રી તે હાસી ભોલાતની પત્ની ના નામથી ચાલી આવે છે, તથા સુરત ડીસ્ટ્રીકટ,સબ-ડીસ્ટ્રીક કામરેજ નાં મોજે ગામ કઠોરના સર્વે/બ્લોક નં.૪૮૧, વાળી બીન ખેતી પ્રિ. પાત્ર જમીન કે જેનુ ક્ષે.હે.આરે. ૦-૪૫-૧૯ ચો.મી. ,જેનો આકાર રૂ. ૫.૫૦ છે જેના હાલના મુળ માલીક/ખેડુત કબજેદાર (૧)ખતીજાબેન તે ઇબ્રાહીમ ઈસ્માઈલ સીદાતની છોકરી (૨)મહમદ ઈબ્રાહીમ ઈસ્માઈલ અહમદ સીદાત (૩) સલીમભાઈ ઈબ્રાહીમ ઈસ્માઈલ અહમદ સીદાત (૪) ફરીદાબેન ઈબ્રાહીમ ઈસ્માઈલની પુત્રી તે હાસી ભોલાતની પત્ની ના નામથી ચાલી આવે છે,ઉપરોક્ત જમીન તથા તેમા આવેલા ઝાડ પાન બીડ પાક વિગેરે અને તેને લગતા વળગતા અંદર બહારના તમામ હક્કો સહિતની કે જે ખેતીલાયક ઉપયોગ માટેની છે

તેઓ સદર જમીનનાં ટાઇટ્સ તદ્દન ચોખ્ખા,માર્કેટેબલ અને સંપુર્ણ બોજા રહીત હોવાનું જણાવી હમારા અસીલ ને વેચાણ કરવા માંગે છે.સદરહુ મીલકતમાં જો કોઈ ઇસમ, સંસ્થા કે અન્યનાં લાગભાગ, હક્ક, અધીકાર હોય કે આ વેચાણ વ્યવહાર બાબતે જો કોઈનાં વાંધા કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાનાં દિન-૭ (સાત) માં અમારો સંપર્ક કરવો. જો તેમ કરવામાં કસુર થશે તો મુદ્દત વિત્યે એ બાબતે કોઈનાં હક્ક, અધીકાર ન હોવાનું કે કોઈનાં વાંધા તકરાર ન હોવાનું માનીને અમારા અસીલ સદર મીલકતનાં જરૂરી દસ્તાવેજો કરાવી લેશે. ત્યારબાદ કોઈનાં કોઈપણ પ્રકારનાં વાંધાઓ કે તર તકરાર ચાલશે નહી. જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

(૧)ખતીજાબેન તે ઇબ્રાહીમ ઈસ્માઈલ સીદાતની છોકરી (૨)મહમદ ઈબ્રાહીમ ઈસ્માઈલ અહમદ સીદાત (૩) ફરીદાબેન ઈબ્રાહીમ ઈસ્માઈલની પુત્રી તે હાસી ભોલાતની પત્ની અને નં ૧,૨,૩ ના પાવરદાર અને પોતે (૪) સલીમભાઈ ઈબ્રાહીમ ઈસ્માઈલ અહમદ સીદાત

ઓફિસઃ એ-૧૪૮, ૧૪૯, ભવાની કોમ્પલેક્ષ, કામરેજ ચાર રસ્તા, મુ.પો. નવાગામ. તા. કામરેજ, જી. સુરત મો. ૯૩૭૪૬ ૬૫૫૨૩

અમારી મારફત
સંગીતા કે. શાહ
એડવોકેટ એન્ડ નોટરી

મહેરબાન સુરતના પાચમાં એડીશનલ સીવીલ જડજ અને જે.એમ.એફ.સી સાહેબની કોર્ટમાં

વાદી : સેન્ટમેરી એજ્યુકેશનલ ચેરીટેબલ ટ્રસ્ટ — રે.દિ.મુ.નં. ૫૦૩/૨૦૧૭
એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ કે જે — રે.દિ.મુ.નં. ૫૦૪/૨૦૧૭
ધી ઈન્ડીયન ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલ છે. — રે.દિ.મુ.નં. ૫૦૫/૨૦૧૭

વાદીના એડવોકેટશ્રી
એમ. સી. ગજીવાલા

વિરૂધ્ધ

પ્રતિવાદી : (૧) ગણેશ હીરાલાલ રાણા, રહે. પુષ્પક નગર સોસાયટી, ભાઠેના, ઉધના સુરત.(રે.દી.મુ.નં. ૫૦૩/૨૦૧૭ના પ્રતિવાદી નં. ૩)
પ્રતિવાદીઃ (૨) દિવાકરનાથ રામસહોદર મીયા, રહે. પ્લોટ નં. ૪૧૨, અપેલા નગર, પાંડેસરા, સુરત. (રે.દી.મુ. નં. ૫૦૪/૨૦૧૭ ના પ્રીતવાદી નં.૩)
પ્રતિવાદીઃ (૩) અરવિંદ રામમુર્તિ તિવારી, રહે. ઘર્મનાથ સોસાયટી, સાયણ, સુરત. (રે.દી.મુ. નં. ૫૦૫/૨૦૧૭ ના પ્રીતવાદી નં. ૩)

ઉપરોક્ત વાદીએ તમો વિરૂધ્ધ મહે. સુરતની સીવીલ કોર્ટમાં ઉપલા નંબરનો દાવો દાખલ કરેલ છે. જે દાવા અરજીની નોટીસ તમો પ્રતિવાદીઓને રજી.પોસ્ટ મારફત બજવણી કરતા તમોને સમન્સ/નોટીસ ભજવણી થઈ શકેલ નથી. જેથી તમોને આ જાહેર સમન્સ આપી ફરમાવવાનું કે, તા. ૧/૨/૨૦૨૪ ના રોજ સવારે ૧૪.૪૫ કલાકે સદરહુ દાવા/અરજીનો જવાબ આપવા કોર્ટમાં તમારે જાતે અથવા વકીલ મારફતે હાજર રહેવું. ઉપર જણાવેલા દિવસે તમો હાજર નહી થાવ તો તમારી ગેરહાજરીમાં દાવો સાંભળી તેનો નિકાલ કરવામાં આવશે.

આજ તા. ૨૬ મી માહે ડીસેમ્બર–૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી

તૈયાર કરનાર	મકાબલ કરનાર		હુકમથી,
સહી/– (આર.જી. મકવાણા) આસીટન્ટ પાચમાં એડી. સિવિલ જડજ અને જે.એમ.એફ.સી. કોર્ટ, સુરત.	સહી/– (આઈ. ઓ. બીલખીયા) બેન્ચ કલાર્ક ગ્રેડ–૩ પાચમાં એડી. સિવિલ જડજ અને જે.એમ.એફ.સી. કોર્ટ, સુરત	(કોર્ટનો સિક્કો)	સહી/– CAD (એ.ડી.સારંગ) રજીસ્ટ્રાર, સિવિલ કોર્ટ,સુરત.

ન્યાયના વિશાળ હિતમાં જાહેર નોટીસ

અમારા અસીલ આ જાહેર નોટીસમા નીચે જણાવેલી મીલકતના વ્યવહારો કરવામાં રસ ધરાવનાર કોઈપણ વ્યક્તિને નુકશાન ન થાય અને તેમને દાવાદુવીમાં પક્ષકાર ન બનવું પડે તેવા શુભ આશયથી આ નોટીસ આપી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટના રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીકટ કામરેજના મોજે નવાગામ ના બ્લોક નંબર ૫૬ ની જરાયત જમીન એકર ૩-૨૬ ગુંઠા હેકટર ૧-૪૭-૭૧ વિઘા ૬-૪ વસા આકાર રૂપિયા ૧૫.૭૫ પૈસા વાળી જમીન એની પુર્વે ગભુભાઈ અમથાભાઈની જમીન આવેલી છે તથા પશ્ચિમે ખોલવાડ પાસોદરા રોડ આવેલ છે, ઉત્તરે મકનભાઈ હાંટિયાભાઈ વસાવાની જમીન આવેલી છે તથા દક્ષિણે મણીભાઈ મગનભાઈ પટેલની જમીન આવેલી છે તે જમીન અમારા અસીલ (૧) રાજુભાઈ રણછોડભાઈ પટેલ (લિંબાસીયા) (૨) જીવરાજભાઈ રણછોડભાઈ પટેલ (લિંબાસીયા) તથા અમારા અસીલના મોટાભાઈ લવજીભાઈ રણછોડભાઈ પટેલ (લિંબાસીયા)ની એકત્રિત આવકમાંથી ખરીદ કરવામાં આવી છે, અને સને ૨૦૧૦ ના અરસામાં ભાઈઓ ભાઈઓ વચ્ચે સદરહુ મીલકતનું હદહદુદથી વિભાજન થઈ ગયેલ છે. અમારા અસીલોએ સ્પે. દિ.મુ.નં. ૨૩/૨૦૨૩ કરેલ છે કે જે નામદાર પ્રિન્સીપલ સીવીલ જજ કઠોર સાહેબની કોર્ટમાં પડતર છે જેની હવે પછીની તારીખ ૧૩-૦૨-૨૦૨૪ છે. સદર દાવાના વાદીના હિસ્સે ૨/૩ જમીન તથા પ્રતિવાદી નં. ૧ ના હિસ્સે ૧/૩ જમીનની વહેંચણી થઈ ગઈ છે અને ૨૦૧૦ ની આ વહેંચણીના ભાઈઓ-ભાઈઓ વચ્ચે થયેલા સાદા પેપરના લખાણોની અસલ દાવાના પ્રતિવાદીઓના કબજામા છે જેનો ગેરલાભ લઈ અમો વાદીઓના હિસ્સાની જમીન પરભાવે વેચી દેવા ફરી રહ્યા છે, જે વહેંચણ અનુસાર પક્ષકારો પોત-પોતાની અમા જમીનનો સ્વતંત્ર કબજો, ભોગવટો અને માલીકી ધરાવતા આવેલા છે. હાલમા હમારા અસીલોને જગ્યા પરના તેમના કબજા ભોગવટામાં દખલગીરી કરવાનો પ્રયત્ન પ્રતિવાદીઓ કરી રહ્યા છે અને અમારા અસીલના હીસ્સા સહીતની જમીન વેચાણ કરી એક નવો હકકદાર ઉભો કરવા પ્રયત્ન કરી રહ્યા છે. ઉપરોકત દાવાના પ્રતિવાદીઓ ૭/૧૨ મા સુવિદિત કરવામાં આવે છે કે આ નોટીસ અંગે સંપુર્ણ જમીનના કોઈ વ્યવહારો કોઈ ઈસમ, પેઢી, કે કંપની કે એસોસીએશન ઓફ પર્સન કે અન્ય કોઈએ અમારી માલીકો, કબજા ભોગવટાની જમીન સંબંધે પ્રતિવાદીઓ સાથે કોઈ વ્યવહાર કરવા કરાવવા નહી કારણ કે તેઓને સંપુર્ણ જમીનમાં કોઈ ટાઈટલ, હકક કે અધિકાર પ્રાપ્ત થશે નહી. જે વેચાણ દસ્તાવેજનો આધાર લઈ પ્રતિવાદીઓ જમીન વેચાણ કરવા ફરી રહ્યા છે તે દસ્તાવેજ નામદારે અદાલતમાં કરવામા આવેલ દાવાની વિષયવસ્તુ છે અને દાવાનો જે આખરી નિર્ણય થશે તે પ્રમાણે દસ્તાવેજની કાયદાકીય પરિસ્થિતિ રહેશે. જેથી આગળ ઉપર જણાવેલ વર્ણનવાળી જમીન અંગે જે કોઈ વ્યક્તિ, સંસ્થા કે ઈસમ વ્યવહાર કરશે તો તે અમારા અસીલને બંધનકારક થશે નહી અને ખરીદનારને તકરાર સિવાય કાંઈ પ્રાપ્ત થશે નહી અને તે આગળ ઉપર જણાવેલ દાવાના પરિણામને આધીન રહેશે તેથી તેઓને મીલકતમાં કોઈ ચોખ્ખા કે તકરારી ટાઈટલ પ્રાપ્ત થશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

Offi.: Shreeji Chambers, 2nd Floor, Behind Nanpura Police Gate, Nanpura, SURAT. Mob.: 9925147027

આર. એ. વ્યાસ
એડવોકેટ